# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર
વર્ષ: ૨૫ અંક: ૧ જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૪ અષાઢ-શ્રાવણ ૨૦૭૦ સળંગ અંક: ૨૪૬


| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિશ્વવિદ્યાલય વિશેષ | 'વિભાગ'વૃત્ત | 'મહાવિદ્યાલય'વૃત્ત | 'અધ્યાપક'વૃત્ત | વિદ્યાર્થી વિભાગ | કારકિર્દી માર્ગદર્શન | 'ગ્રંથાલય'વૃત્ત |
| ૪ | ૫ | ૬ | ૧૦ | ૧૪ | ૧૭ | ૧૮ |


## ઉજવણી રજતજયંતીની...

## शीलवृत्तफलं श्रुतम्

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનો ધ્યેયમંત્ર **शीलवृत्तफलं श्रुतम्** છે.

આશરે એક લાખ શ્લોક ધરાવતા આપણા રાષ્ટ્રીય વારસા સમા મહાભારતમાંથી આ શ્લોકખંડ લેવામાં આવ્યો છે. મહાભારતના સભાપર્વમાં મહારાજા યુધિષ્ઠિરના ઈન્દ્રપ્રસ્થની અલૌકિક સભામાં દેવર્ષિ નારદ પધારે છે તેવો પ્રસંગ આલેખવામાં આવ્યો છે. પારસ્પરિક અભિવાદન બાદ બન્ને વચ્ચે વાર્તાલાપ ચાલે છે. નારદજી યુધિષ્ઠિરને એક રાજાને કરવા યોગ્ય કર્તવ્યો વિશે પૃચ્છા કરે છે, અને એમાં જાણવા ઈચ્છે છે કે તમારાં વેદાધ્યયન, ધન, પત્ની અને શાસ્ત્રજ્ઞાન સફળ તો છે ને?

(**कच्चित्ते सफला वेदाः कच्चित्ते सफलं धनम् । कच्चित्ते सफला दाराः कच्चित्ते सफलं श्रुतम् ।।** સભાપર્વ, ૫.૯૯) એથી યુધિષ્ઠિર નારદજીને પરિપ્રશ્ન કરે છે કે, હે ઋષિ ! વેદભ્યાસ, ધન, પત્ની, અને શાસ્ત્રજ્ઞાન – આ ક્યારે ફળવંતાં બને છે, તે કહો. (**कथं वै सफला वेदाः कथं वै सफलं धनम् । कथं वै सफला दाराः कथं वै सफलं श्रुतम् ।।** એજ, ૫.૧૦૦) એટલે દેવર્ષિ ઉત્તર આપે છે કે, જ્યારે વેદાભ્યાસ કરનાર અગ્નિહોત્રાદિ હોમ કરે ત્યારે વેદાભ્યાસ સફળ થયેલો જાણવો; ધનને ત્યારે સફળ થયેલું માનવું જ્યારે વ્યક્તિ પોતે તેનો ઉપભોગ કરે અને જ્યારે એનું દાન કરવામાં આવે; પત્ની ત્યારે સફળ ગણાય જ્યારે એનાથી કામની પરિતૃપ્તિ અને પુત્ર મળે; અને જ્ઞાન સફળ થયેલું ત્યારે જાણવું જ્યારે એ જ્ઞાનનું પરિણમન શીલ અને સદ્વ્યવહારમાં થાય (**अग्निहोत्रफला वेदा दत्तभुक्तफलं धनम् । रतिपुत्रफला दाराः शीलवृत्तफलं श्रुतम् ।।** એજ, શ્લોક ૧૦૧). કહેવાનો અર્થ, મેળવેલા જ્ઞાનથી વ્યક્તિમાં શીલનું ઘડતર એટલે કે ચારિત્ર્યનું ઘડતર ન થાય અને એથી એનામાં સદાચાર ન આવે તો એ જ્ઞાન નિષ્ફળ, નિરર્થ છે, એમ જાણવું.

– હેમન્ત દવે

## સાંકળિયું


| | | |
|---|---|---|
| ૧. | કુલપતિની કલમે | ૧ |
| ૨. | સંપાદકીય | ૨ |
| ૩. | વિશ્વવિદ્યાલય વિશેષ | ૪ |
| ૪. | 'વિભાગ'વૃત્ત | ૫ |
| ૫. | 'મહાવિદ્યાલય'વૃત્ત | ૬ |
| ૬. | 'અધ્યાપક'વૃત્ત | ૧૦ |
| ૭. | વિદ્યાર્થી વિભાગ | ૧૪ |
| ૮. | કારકિર્દી માર્ગદર્શન | ૧૭ |
| ૯. | 'ગ્રંથાલય'વૃત્ત | ૧૮ |
| ૧૦. | 'લોક'વૃત્ત | ૨૦ |


## સંપાદક મંડળ


**પરમ પાઠક**

**દિનેશ કારીઆ**

**ઉજ્જ્વલ ત્રિવેદી**

**હેમન્ત દવે**

**મનીષ સોલંકી**

**ધર્મેન્દ્ર મિસ્ત્રી**

**અર્પિત પાટડિયા**

**જહોન પી. પરમાર**

**નિલેશ શાહ**

**પૃષ્ઠવિન્યાસઃ સુરેશ પટેલ**


## સંપાદકીય નીતિ

'શીલશ્રુતમ્' સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું વૃત્તપત્ર (ન્યૂઝ લેટર) છે.

યુનિવર્સિટી સાથે સંકળાયેલી શૈક્ષણિક સંસ્થાઓ, એમાં કાર્યરત શૈક્ષણિક, બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓના સમાચાર શીલશ્રુતમ્માં આવકાર્ય છે.

શીલ શ્રુતમ્ જૂન, ઓગસ્ટ, ઓક્ટોબર, ડિસેમ્બર અને ફેબ્રુઆરીની ૧૫મી પ્રગટ થાય છે. શીલશ્રુતમ્માં પ્રકાશન અર્થે મોકલવાની સામગ્રી પરમ પાઠકને અંક પ્રસિદ્ધિના પંદર દિવસ પૂર્વે મોકલવી. એ પછી આવેલી સામગ્રીનો વિચાર આગામી અંકમાં થશે.

સામગ્રી બને ત્યાં સુધી ટાઇપ કરીને મોકલવી; હસ્તલિખિત સામગ્રીમાં હસ્તાક્ષર સુવાચ્ય હોવા અનિવાર્ય છે. મહત્ત્વપૂર્ણ ઘટના/પ્રસંગના ફોટોગ્રાફની હાર્ડ કોપી મોકલવી, સોફ્ટકોપી નહીં.

શીલશ્રુતમ્ માટે સમાચાર જે તે સંસ્થાના લેટર પેડ પર, જવાબદાર વ્યક્તિના સહીસિક્કા સાથે સંસ્થાના વડા દ્વારા મોકલવાના રહેશે.

શીલશ્રુતમ્માં પ્રગટ થતાં સમાચાર કે અન્ય સામગ્રીની પસંદગી બાબતે સંપાદક મંડળનો નિર્ણય આખરી ગણાશે.

શીલશ્રુતમ્માં પ્રગટ થતાં સર્વ લખાણો, ચિત્રો, ફોટો કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રકાશિત થયા બાદ યુનિવર્સિટી આ સામગ્રીને કોઈપણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરી શકે છે.

શીલશ્રુતમ્માં પ્રગટ થતાં લખાણોમાં વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.

# કુલપતિની કલમે...



શીલ શ્રુતમ્‌નો રજતજયંતી વર્ષનો પ્રથમ અંક એ ખરેખર એક આનંદદાયક ઘટના છે. શીલ શ્રુતમ્ નવા અવતારે પ્રગટ થઈ રહ્યું છે એનો સવિશેષ આનંદ છે. પચીસ વર્ષ પૂર્વે શીલ શ્રુતમ્‌નો આરંભ શ્રુતમ્ નામે એક વૃત્તપત્ર તરીકે થયો હતો. પચીસ વર્ષના સમયપટ પર એણે ઘણી ચડતી પડતી, તડકી છાંયડી જોઈ છે, ને એનાં પણ અનેક રૂપો જોવા મળ્યાં છે. બદલાતા સમય સાથે શીલ શ્રુતમ્ પણ ઉત્ક્રાન્ત થતું રહ્યું છે. આ રીતે એણે યુનિવર્સિટી સમુદાયમાં શું બની રહ્યું છે એની ગતિવિધિઓની વ્યાપક સમાજને જાણ કરી છે.

આપણે જોઈ રહ્યા છીએ કે સાંપ્રત વિશ્વમાં એક માત્ર પરિવર્તન જ અપરિવર્તનશીલ છે. જે બદલાય છે એ પરિવર્તનની ગતિ છે. જ્યારે શીલ શ્રુતમ્‌નો પહેલો અંક પ્રગટ થયો હતો ત્યારે કમ સે કમ આપણા વિદ્યાનગરમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે પગે ચાલતાં જવાતું કે સાઈકલ દ્વારા જવાતું. આજે યાતાયાત માટે આ નગરમાં મોંઘીદાટ અદ્યતન મોટરો અને ઘણા બધા પ્રકારની મોટરબાઇક છે. પહેલાં આપણે હાથે લખેલા કાગળ દ્વારા પરસ્પર સંપર્ક કરતા હતા. આજે આપણે મોબાઇલ, એસએમએસ અને વોટ્સએપ દ્વારા સંપર્ક કરીએ છીએ. પહેલાં વૃક્ષ નીચે કે બગીચામાં બેઠકો થતી. હવે એનું સ્થાન ફેસબુકે લીધું છે. આવા પરિવર્તનશીલ સમયમાં યુનિવર્સિટી પરિવાર માટે સંપર્ક-સેતુ બની રહેવું એ શીલ શ્રુતમ્ માટે બહુ મોટો પડકાર છે. આજે ઇન્સ્ટન્ટ મેસેજિંગ(તત્કાળ સંદેશા)ના સમયમાં શીલ શ્રુતમ્‌ની ભૂમિકા શી હોઈ શકે? યુનિવર્સિટી પરિવારમાં શીલ શ્રુતમ્ જેવું ઐતિહાસિક મહત્ત્વનું વૃત્તપત્ર કઈ રીતે એની પ્રસ્તુતતા સાર્થક કરી શકે? આ પડકારને ઝીલી લેવા માટે આપણે એને નવો અવતાર આપવો રહ્યો.

આ સંદર્ભે મારાં બે સૂચનો છે. પહેલું તો એ કે એને રેડિયો કેમ્પસ એફ.એમ. ૯૦.૪ સાથે સાંકળવું. આ માટે તો ઘટના ઘટે કે તરત એને ઝડપી લેવી પડે. ક્યારેક તો જાહેરાત થાય એ પૂર્વે સક્રિય થઈ જવું પડે. શીલ શ્રુતમ્‌ને એની સાથે સાંકળવા માટે આપણે હજુ વધુ સારા ક્રિયાશીલ માળખાની જરૂર છે. બીજું સૂચન છે આપણું એક સાપ્તાહિક e-વૃત્તપત્ર પણ હોવું જોઈએ. અથવા તો ફેસબુક અથવા વોટ્સએપ ગ્રુપ હોવું જોઈએ. હું આગોતરું જોઈ શકું છું કે આ પ્રકારના પડકારો ઝીલવા માટે ખૂબ જ ગતિશીલ ક્રિયાત્મક અને ત્વરિત પ્રત્યુતર પાઠવે એવું આયોજન કરવું પડશે. સરદાર પટેલ યુનિવર્સિટી વતી હું શીલ શ્રુતમ્‌નાં ૨૫ વર્ષોના પ્રકાશન સાથે સંકળાયેલાં સૌ કોઈનો આભાર માનું છું, એમને અભિનંદન પાઠવું છું. મને ખાત્રી છે કે શીલ શ્રુતમ્ એના ભાવિ પડકારો ઝીલી લેશે. રજતજયંતી બાદ શીલ શ્રુતમ્ સુવર્ણજયંતીના સોનેરી દિવસો પણ જુએ એવી હું શુભેચ્છા પાઠવું છું.


જય હિન્દ!


# સંપાદકીય



## શ્રુતમ્ થી શીલશ્રુતમ્ સુધી...

શ્રુતમ્ એટલે સાંભળેલું. સાંભળીને મેળવેલું જ્ઞાન. આપણી યુનિવર્સિટીના વૃત્તપત્રનું નામ પણ પહેલાં શ્રુતમ્ જ હતું. આજથી બરાબર ૨૪ વર્ષ પૂર્વે ૧૫ ઓગસ્ટ ૧૯૯૦ના રોજ ભારતના સ્વાતંત્ર્ય દિન અને શ્રી અરવિન્દના જન્મદિને તત્કાલીન કુલપતિશ્રી દિલાવરસિંહ જાડેજાની પ્રેરણાથી એનો પ્રારંભ થયેલો. કમલનયન જોશીપુરા, મણિલાલ હ. પટેલ, મહેન્દ્ર ચોટલિયા અને સુધીર મુકરજી એના સ્થાપક સંપાદકો હતા.




શ્રુતમ્ પ્રતિમાસ આઠ પાનમાં પ્રગટ થતું હતું. એના પહેલા જ અંકના સંપાદકીયમાં જણાવેલું : 'આ વિશ્વવિદ્યાલયની શૈક્ષણિક અને સાંસ્કૃતિક ગતિવિધિઓને, યુવા પ્રવૃત્તિઓને (શ્રુતમ્) નમ્રતાપૂર્વક નિવેદિત કરવા ચાહે છે. યુનિવર્સિટી વિસ્તારમાં ચાલતાં અધ્યયન, અધ્યાપન અને સંશોધનની વિશેષ વાતોને તથા વિદ્યાર્થીઓનાં તંદુરસ્ત વલણોને શ્રુતમ્ સૌની સામે મૂકવા ચાહે છે. શ્રુતમ્ આપણાં કાર્યો અને વિશેષ પ્રવૃત્તિઓના ન્યૂઝ અને વ્યૂઝ લઈને પ્રગટ થતું રહેશે.' (અંક-૧, પૃ.૩)








શ્રુતમ્ નામનું એક અન્ય 'વડીલ પત્ર' આ પૂર્વે પણ અસ્તિત્વ ધરાવતું હતું. એટલે આપણી યુનિવર્સિટીના આ વૃત્તપત્રને ૧૯૯૪-૯૫માં રજિસ્ટ્રાર ઑફ ન્યૂઝ પેપર્સ, નવી દિલ્હી તરફથી શીલશ્રુતમ્‌ના નૂતન નામાભિધાન સાથે માન્યતા મળે છે. આ રીતે શ્રુતમ્ બને છે શીલશ્રુતમ્.


શીલ શ્રુતમ્

ચારિત્ર્ય વિનાનું ભણતર કશા કામનું ન ગણાય આપણે સ્વતંત્ર ભારતના નાગરિકો તૈયાર કરવા છે તેમને નોકરી શોધતા લૂલા પાંગળા નથી બનાવવા. - સરદાર પટેલ

સંપાદકો : મણિલાલ હ. પટેલ • મહેન્દ્ર ચોટલિયા • મનોજ સોની • પીયૂષ જોષી

વર્ષ : ૧૦ અંક : ૩ : ૧૫મી ઓક્ટોબર ૧૯૯૯ સળંગ અંક : ૧૧૧


શીલ શ્રુતમ્

Review of One Year from Sept. 2003 to Sept. 2004

A Special Newsletter for SPU Alumni

Vol. No. 9 October 2004

Editors

Bhagirath Brahmbhatt + Hemant Dave + Param Pathak

Madan Mohan Sharma + Niranjan Patel + Sonalde Desai

inflicted sufferings on women, he had to be punished by a woman. So what did Krishna do? He invaded Narakasura's kingdom, not once but again and again. He could have accomplished the demon's destruction during the first attack. But he forced him to explode into furious anger again and again. Each attack made him weaker. His resistance became feebler and feebler. Anger is debilitating in its effect. The nerves become weak, blood gets warmer, its composition changes. A simple burst of fury consumes the strength gained from food during three months. Anger reduces one's stamina. So Krishna made Narakasura flare up in anger, again and again. When he became

સમય જતાં શીલશ્રુતમ્‌ના સંપાદક મંડળમાં ફેરફારો થતા રહે છે. કેટલાક સંપાદકો એક યા બીજા કારણસર નિવૃત્ત થતા જાય છે, ને નવા સંપાદકો શીલશ્રુતમ્‌ને પોતાના ધારણા અનુસાર ઉત્તમ બનાવવા મથતા રહે છે. અઢી દાયકાના સમયપટ પર શીલશ્રુતમ્‌ને મનોજ સોની, જતીન ઠક્કર, પીયૂષ જોશી, હેમન્ત દવે, ભગીરથ બ્રહ્મભટ્ટ, સોનલદે દેસાઈ, મદનમોહન શર્મા, પરમ પાઠક, નિરંજન પટેલ, પ્રણવ દવે, ઉજ્જવલ ત્રિવેદી, મનીષ સોલંકી, રાજુ રાઠોડ, ઝેડ. એ. સીપોઈ જેવાની સંપાદકીય સેવાઓનો લાભ મળે છે. સંપાદકો બદલાતા રહે છે, પરંતુ યુનિવર્સિટી પરિવારના સભ્યોના અધીતના પ્રાગટ્યથી શીલશ્રુતમ્ સતત વિકસતું રહે છે. યુનિવર્સિટીની ગતિવિધિના ધબકાર એ ઝીલતું રહે છે. શીલશ્રુતમ્‌માં શાશ્વતીનો સંસ્પર્શ અને કેટલીક સામ્પ્રત ક્ષણોનો મિજાજ પણ ઝીલાતો રહ્યો છે.


શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૦ અંક : ૧ ૧૫-૮-૨૦૦૯ સળંગ અંક : ૨૧૬

સંપાદકો

પરમ પાઠક • મદનમોહન શર્મા • નિરંજન પટેલ • સોનલદે દેસાઈ • ઉજ્જવલ ત્રિવેદી • મનીષ સોલંકી

इतिहास का भी थोड़ा-बहुत ज्ञान हो जिससे दोनों का संगम सोने में सुहागे का काम करे।

विभिन्न ज्ञानानुशासनों और संकायों में प्रतिवर्ष प्रविष्ट होने वाले छात्र-छात्राओं की संख्या के आंकड़ों से पता चलता है कि विज्ञान, सूचना, तकनीक, वाणिज्य आदि क्षेत्रों में युवा पीढ़ी ने बहुत हासिल की है जो कि स्वाभाविक भी है। दूसरी ओर, भाषा-साहित्य, दर्शन आदि क्षेत्रों में छात्र-छात्राओं की संख्या में कुछ कमी आई है। इस चिन्ता का निवारण किसी खास तरह की शिक्षा-पद्धति को थोपकर भी नहीं किया जा सकता बल्कि हमें अपनी अंतरात्मा की आवाज पर यह तय करना है कि हम अपनी विरासत से भी सरोकार रखें या नहीं !! इसको लेकर अलग-अलग सोच भी हो सकती है,


શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૧ અંક : ૨ ઓગસ્ટ ૨૦૧૦ - શ્રાવણ ૨૦૬૬ સળંગ અંક : ૨૨૨

સંપાદકો : પરમ પાઠક • મદનમોહન શર્મા • નિરંજન પટેલ • સોનલદે દેસાઈ • ઉજ્જવલ ત્રિવેદી • મનીષ સોલંકી

આ એક સાતત્યપૂર્ણ પ્રક્રિયા છે. આ પ્રક્રિયાના ભાગરૂપે શીલશ્રુતમ્ હવે નવા અવતારે આપની સમક્ષ પ્રસ્તુત છે. શીલશ્રુતમ્‌ની ટીમ પણ હવે બદલાઈ છે. એમાં પરમ પાઠક, ઉજ્જવલ ત્રિવેદી અને મનીષ સોલંકીની સાથે અગાઉ આમાં કામ કરી ચૂકેલા હેમન્ત દવે ફરી પાછા સંકળાયા છે. આ ઉપરાંત દિનેશ કારિયા, ધર્મેન્દ્ર મિસ્ત્રી, જહોન પરમાર, નિલેશ શાહ તેમજ અર્પિત પાટડિયા જેવા આપણા પરિવારના નવા દષ્ટિવંત સાથીઓ પણ આ કાર્યમાં જોડાયા છે. શીલશ્રુતમ્‌માં નવા વિભાગો પણ ઉમેરાયા છે. શીલશ્રુતમ્ આ માધ્યમથી યુનિવર્સિટી પરિવાર અને વ્યાપક રીતે રચવા પ્રયત્નશીલ છે. આ કાર્યમાં જોડાવા, પ્રતિભાવ પાઠવવા, શીલશ્રુતમ્‌ને હજુ વધારે પ્રસ્તુત બનાવવા માટે આપ સૌને ઈજન છે.

– પરમ પાઠક


શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર


55th ANNUAL CONVOCATION CEREMONY

શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

# વિશ્વવિદ્યાલય વિશેષ

## ઉષ્મિલ આવકાર...



સરદાર પટેલ યુનિવર્સિટી પરિવાર યુનિવર્સિટીના કુલાધિપતિ મહામહિમ રાજ્યપાલ શ્રી ઓમ પ્રકાશ કોહલીનું હાર્દિક સ્વાગત કરે છે. તેઓશ્રીએ ગુજરાત રાજ્યના ૨૪મા રાજ્યપાલ તરીકે ૧૬ જુલાઈ ૨૦૧૪ના રોજ શપથ ગ્રહણ કર્યા હતા. શ્રી કોહલી ૧૯૯૪ થી ૨૦૦૦ દરમ્યાન રાજ્યસભાના સાંસદ રહી ચૂક્યા છે. સુખ્યાત વિદ્યાવંત શ્રી કોહલીએ હંસરાજ કોલેજ, દિલ્હી અને દેશબંધુ કોલેજ, દિલ્હીમાં સુદીર્ઘ સમય સુધી હિન્દી સાહિત્યના અધ્યાપક તરીકે સેવા આપી છે. શ્રી કોહલીએ હિન્દીમાં ત્રણ પુસ્તકો राष्ट्रीय सुरक्षा के मोर्चे पर, शिक्षा नीति અને भक्तिकाल के संतों की सामाजिक चेतना આપ્યાં છે. તેઓ વિદ્યાર્થી અવસ્થામાં દિલ્હી વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી નેતા હતા, તેમજ તત્પશ્ચાત દિલ્હી યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશન(DUTA)ના પ્રમુખ તેમજ નેશનલ ડેમોક્રેટિક ટીચર્સ ફ્રન્ટ(NDTF)ના પ્રમુખ પણ રહી ચૂક્યા છે.

## સરદાર પટલ યુનિવર્સિટી દ્વારા સમાજ સેવાર્થે અંધજન માટે ‘‘બોલતું પુસ્તક’’




સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. હરિશ પાઢે પોતે શરૂ કરેલા કમ્યુનિટી આઉટરીચ એન્ડ એક્સટેન્શન પ્રોગ્રામના પાયલોટ પ્રોજેક્ટના ભાગરૂપે અમદાવાદ અંધજન મંડળનાં પ્રજ્ઞાચક્ષુ સભ્યો માટે નિઃશુલ્ક ‘‘બોલતું પુસ્તક’’ તૈયાર કરવામાં આવ્યું છે. તેનું તા. ૩-૮-૨૦૧૪ના સરદાર પટેલ એન્ડાઉમેન્ટ લેક્ચરના કાર્યક્રમમાં લોકાર્પણ કરવામાં આવ્યું.

આ માટે જાણીતા સાહિત્યકાર ધ્રુવ ભટ્ટની રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કૃત નવલકથા ‘તત્ત્વમસિ’ પસંદ કરાઈ હતી. નર્મદાની ભૌગોલિક અને સાન્નિધ્યમાં માણસને પોતાના સાંસ્કૃતિક મૂળ સુધી પહોંચવા મદદ કરવાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પુસ્તકનું વાંચન શ્રીમતી મેઘનાબેન જોષીએ નિઃશુલ્ક પૂરુ પાડ્યું. ડી.વી.ડી.ના સ્વરૂપે પ્રગટ થયેલ આ ‘બોલતું પુસ્તક’ યુનિવર્સિટીના કમ્યુનિટી રેડિયો સ્ટેશન દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં ધ્રુવભાઈને અંધજન મંડળને અર્પણ કરવા માટે તૈયાર કરેલ આ ડી.વી.ડી. યુનિવર્સિટી તરફથી સમારંભના અતિથિવિશેષ પદ્મશ્રી રવીન્દ્રકુમારના હસ્તે સુપ્રત કરાઈ. આ પાયલોટ પ્રોજેક્ટના કો-ઓર્ડિનેટર તરીકે ડૉ. વિભા વૈષ્ણવ, ડૉ. સ્વાતિ સાઠે અને ડૉ. શ્યામસુંદર રાયઠઠ્ઠાએ સેવા આપી હતી.

# 'વિભાગ' વૃત્ત

- *અનુસ્નાતક ઈતિહાસ વિભાગમાં વર્ષ ૨૦૧૪-૧૫થી એમ.ફિલ.નો નવો અભ્યાસક્રમ ગ્રાન્ટ-ઈન-એઈડથી શરૂ કરવામાં આવ્યો છે.*

- **અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગ**ને યુ.જી.સી. દ્વારા SAP (DRS PHASE - II) ની રૂ. ૪૦ લાખની ગ્રાન્ટ તા. ૧-૪-૨૦૧૩ થી તા. ૩૧-૩-૨૦૧૮ સુધી ફાળવવામાં આવી છે, માત્ર ગુજરાતમાં નહીં પરંતુ આખા પશ્ચિમ ભારતમાં ફક્ત સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગને મળેલ છે.

- અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગમાં તા. ૦૨-૦૫-૨૦૧૪ થી તા. ૦૨-૦૬-૨૦૧૪ સુધી નેટ/સ્લેટના કોચીંગ ક્લાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

- અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગમાં તા. ૨૬-૫-૨૦૧૪ થી તા. ૧૫-૦૬-૨૦૧૪ સુધી રિફ્રેશર કોર્સનું આયોજન એકેડેમિક સ્ટાફ કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું.

- અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગમાં તા. ૧૦-૦૭-૨૦૧૪, ગુરુવારના રોજ ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

- અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગમાં તા. ૧૫-૭-૨૦૧૪ના રોજ દિલ્હી યુનિવર્સિટી પ્રો.(ડૉ.) અજયકુમાર કે. સિંગે વિષય તજજ્ઞ તરીકે એમ.કોમ. ત્રીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને રીસર્ચ મેથડોલજી પર વ્યાખ્યાન આપ્યું હતું.

- અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગમાં વિભાગીય વડા પ્રો. (ડૉ.) પી. કે. રાઠોડના માર્ગદર્શન નીચે પીએચ.ડી. કરતા શ્રી દિવ્યાંગ બ્રહ્મભટ્ટ અને શ્રી જૈમીન ત્રિવેદીએ તાજેતરમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે.

- પાલિ-પ્રાકૃત-સંસ્કૃત અનુસ્નાતક વિભાગમાં તા. ૨૪-૭-૨૦૧૪ના રોજ સંસ્કૃત શ્લોકગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં આણંદ, વિદ્યાનગર, બાકરોલ, મોગરી, બોરીઆવી સ્થિત આર્ટ્સ અને બી.એડ કોલેજના ૩૧ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે અનુસ્નાતક સંસ્કૃત વિભાગના એમ.એ. પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થી ધાર્મિક કુમાર જોશીએ પ્રાપ્ત કર્યો હતો. બીજા ક્રમે પવનકુમાર ભટ્ટ (પી.એમ. પટેલ કૉલેજ, આણંદ), ત્રીજા ક્રમે દિવ્યેશ ભટ્ટ (એન.એસ. પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદ) રહ્યા હતા.

- સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક હિન્દી વિભાગમાં તા. ૩૧મી જુલાઈ ૨૦૧૪ના રોજ હિન્દીના ખ્યાતનામ સાહિત્યકાર મુંશી પ્રેમચંદની જયંતીની ઉજવણીના ભાગરૂપે વિભાગના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રેમચંદ વિશે પોતાનાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે પ્રો. નવનીત ચૌહાણે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. વિભાગના ડૉ. હસમુખભાઈ પરમાર તેમજ ડૉ. સીમાબેન રાઠોડે નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાને મંજૂષા અગ્રવાલ, બીજા સ્થાને મનીષા પટેલ, ત્રીજા સ્થાને બે સ્પર્ધકો ભારતી રોહિત અને લોકેશ મીણા આવ્યાં હતાં. સમારંભમાં વિભાગના કાર્યકારી વડા પ્રો. દયાશંકર ત્રિપાઠી ઉપરાંત ડૉ. મદનમોહન શર્મા, ડૉ. કિરણ ભોકરી, ડૉ. મિલન ઈમાનદાર, ડૉ. વિષ્ણુભાઈ તેમજ વિદ્યાર્થી ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન-આયોજન વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા કરાયું હતું જેમાં રોહિત ચૌહાણ, સૈયદ ખાલિદ વિગેરેનો સમાવેશ થાય છે.

# 'મહાવિદ્યાલય'વૃત્ત

## વિનયન

| | | |
|---|---|---|
| – અખિલેશ સુરેશભાઈ પટેલ આર્ટ્સ કોલેજ | અભિમુખતા કાર્યક્રમ | તા. ૦૩-૭-૧૪ |
| – ભીખાભાઈ પટેલ આર્ટ્સ કૉલેજ | એન.એસ.એસ. અભિમુખતા કાર્યક્રમ | તા. ૧૭-૭-૧૪ |
| | CWDC દ્વારા વક્તૃત્વ સ્પર્ધા, મહેંદી સ્પર્ધા કેશગૂંફન, રંગોળી સ્પર્ધા | તા. ૧૨-૭-૧૪ |
| | અભિમુખતા કાર્યક્રમ | તા. ૦૪-૭-૧૪ |
| – એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ | અભિમુખતા કાર્યક્રમ | ---- |
| | ગુરુપૂર્ણિમા | તા. ૨૫-૭-૧૪ |
| | એક દિવસીય કાર્યશાળા | તા. ૨૬-૭-૧૪ |

## વાણિજ્ય

| | | |
|---|---|---|
| – આણંદ કોમર્સ કોલેજ | સ્કોપ અંતર્ગત ચેક વિતરણ કાર્યક્રમ | ---- |
| | અભિમુખતા કાર્યક્રમ | ---- |
| | અભિમુખતા કાર્યક્રમ પ્રથમ વર્ષ બી.કોમ અને બી.બી.એ. | તા. ૪-૭-૧૪ |
| – આણંદ ઈનિસ્ટટ્યુટ ઓફ બિઝનેસ સ્ટડીઝ | અભિમુખતા કાર્યક્રમ | ---- |
| | Tally Course ERPનો શુભારંભ | તા. ૧૨-૬-૧૪ |
| | કેશ વિન્યાસ, નખ સુશોભન અને મહેંદી હરિફાઈ | તા. ૧૧-૭-૧૪ |
| | અભિમુખતા કાર્યક્રમ | તા. ૦૭-૭-૧૪ |
| – બી.એફ. શાહ કોલેજ | મહેંદી સ્પર્ધા | તા. ૧૪-૭-૧૪ |
| | અભિમુખતા કાર્યક્રમ | તા. ૧૦-૭-૧૪ |
| | ગુરુપૂર્ણિમા કાર્યક્રમ | તા. ૧૨-૭-૧૪ |
| – સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ | પર્યાવરણ દિવસ | તા. ૦૫-૬-૧૪ |
| | ગ્રંથાલય અભિમુખતા | ---- |
| | રાષ્ટ્રીય સેવા યોજના અંગે અભિમુખતા માર્ગદર્શન અભિમુખતા કાર્યક્રમ | ---- |
| – સેમકોમ કોલેજ | વાલીઓની કાર્યશાળા | તા. ૧૩-૭-૧૪ |
| | લલિત કલા સ્પર્ધા | તા. ૧૧,૧૨,૧૪-૭-૧૪ |
| | જાહેર વક્તૃત્વ કાર્યશાળા | તા. ૧૯-૭-૧૪ |

## શિક્ષણ

| | | |
|---|---|---|
| – આણંદ એજ્યુકેશન કોલેજ | વિશ્વ વસ્તીદિવસની ઉજવણી | તા. ૧૧–૭–૧૪ |
| | ગુરુપૂર્ણિમા ઉજવણી | તા. ૧૨–૭–૧૪ |
| | થેલેસેમિયા ટેસ્ટનું આયોજન | ---- |
| | વાલીમંડળની રચના | તા. ૦૫–૭–૧૪ |
| | ગ્રંથાલય અભિમુખતા કાર્યક્રમ | તા. ૦૨–૭–૧૪ |
| | સ્થાપના દિન, પ્રવેશોત્સવ અને વિશ્વ ડૉક્ટર દિનની ઉજવણી | તા. ૦૧–૭–૧૪ |
| | વિદ્યાર્થી મંડળની રચના | તા. ૩૦–૬–૧૪ |
| | અભિમુખતા કાર્યક્રમ | તા. ૧૬–૬–૧૪ |
| | સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિની ઉજવણી | તા. ૦૪–૭–૧૪ |
| | કોલેજ વુમન ડેવલપમેન્ટ સેલ, એન્ટીરેગીંગ સેલ સામુદાયિક ધારા અને જ્ઞાન ધારાના ઉપક્રમે શૈક્ષણિક પ્રવચન તથા પરિસંવાદનું આયોજન | તા. ૨૩–૭–૧૪ |
| – એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન | ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી | તા. ૧૨–૭–૧૪ |
| – એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન | બી.એડ્. અભિમુખતા કાર્યક્રમ | ---- |
| | પ્રવેશોત્સવ કાર્યક્રમ | ---- |
| | થેલેસેમિયા–મેડિકલ ચેક–અપ કેમ્પ | ---- |
| | સ્કોપ (Scope) અભિમુખતા કાર્યક્રમ | ---- |
| – શ્રી આઈ.જે. પટેલ બી.એડ્. કોલેજ | વિશ્વ વસ્તી દિવસ | તા. ૧૧–૭–૧૪ |
| | ૧૫મા વર્ષમાં મંગલ પ્રવેશ કાર્યક્રમ | તા. ૧૬–૭–૧૪ |

## સમાજ કાર્ય

| | | |
|---|---|---|
| – આણંદ ઈન્સ્ટીટ્યૂટ ઓફ સોશ્યલ વર્ક | ગુરુપૂર્ણિમા | --- |
| – ભીખાભાઈ પટેલ આર્ટ્સ કૉલેજ | અભિમુખતા કાર્યક્રમ | --- |



## એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ તથા સમગ્ર યુનિવર્સિટીનું ગૌરવ

**એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજનાં વિદ્યાર્થિની કુમારી લજ્જા ગોસ્વામીએ હાલમાં ગ્લાસગો, સ્કોટલૅંડ ખાતે યોજાયેલ રાષ્ટ્રકૂળ રમતોત્સવ (કોમનવેલ્થ ગેમ્સ) માં ૫૦મીટર શૂટીંગ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક મેળવી કોલેજ, ટ્રસ્ટ, યુનિવર્સિટી તથા ગુજરાતનું નામ રોશન કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ દિલ્હી ખાતે યોજાયેલ રાષ્ટ્રકૂળ રમતોત્સવમાં પણ કુમારી લજ્જાને ચંદ્રક પ્રાપ્ત થયો હતો. કુમારી લજ્જા ગુજરાતના એકમાત્ર મહિલા શૂટીંગ ચેમ્પિયન છે.**

- **એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં તા. ૧૩મી જુલાઈ, ૨૦૧૪ના રોજ 'પ્રશિક્ષણમાં પ્રયોગિક કાર્ય' વિષય પર અનુસ્નાતક શિક્ષણ વિભાગના પૂર્વ અધ્યક્ષ અને પ્રોફેસર ડૉ. મહેશચંદ્ર યાજ્ઞિકનું વ્યાખ્યાન યોજાયું હતું. તેમણે પોતાના વ્યાખ્યાનમાં નવા પ્રશિક્ષણાર્થીઓને પાઠ આપતાં પૂર્વે અધ્યાપન સૂઝ, અધ્યાપન કૌશલો અને અધ્યાપનમાં વિદ્યાર્થી સાથે આંતરક્રિયામાં ભાવાત્મક પાસાંનું મહત્ત્વ સમજાવ્યું હતું.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, આણંદ દ્વારા 'ઓનલાઇન ટીચર એજ્યુકેશન થ્રુ વિકલ્પ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

  આ પ્રસંગે મુખ્ય વક્તા તેમજ વિકલ્પ વેબસાઇટને લોંચ (પ્રસ્તુત) કરનાર શ્રી જે. કે. સિંઘે ડિજિટલ ડિવાઈસ અધ્યયન-અધ્યાપનમાં કેવી રીતે ઉપયોગી બને તેનો ઉદાહરણસહ ચિતાર આપ્યો હતો તથા યુજીસી દ્વારા ચાલતી e-access અને e-પાઠશાળાની માહિતી આપી હતી. આમાં વિદ્યાર્થી કેવી રીતે ઓનલાઇન પ્રાધ્યાપક પાસેથી માહિતી મેળવી શકે તેની સમજ આપી હતી તથા પ્રાધ્યાપક વર્ગમાં અને વર્ગની બહાર રહીને પણ પોતાના પ્રશિક્ષણાર્થીઓને કેવી રીતે પોતાના વિષયમાં પ્રોજેક્ટ, પ્રવૃત્તિ, ચર્ચા વગેરેમાં સામેલ કરી શકશે તથા ઓનલાઇન ટેસ્ટની પણ માહિતી આપી હતી.




- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજમાં ચાલતા સોશિયલ વર્ક ડિપાર્ટમેન્ટ તેમજ જિલ્લા બાળ સુરક્ષા એકમના સહયોગથી એમ. એસ. ડબલ્યુના વિદ્યાર્થીઓ માટે બાળ સુરક્ષા યોજના ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

  કાર્યક્રમની શરૂઆતમાં પોલીસ ઈન્સ્પેક્ટર આણંદ તેમજ એન્ટી હ્યૂમન ટ્રાફિક સેલના ઈન્ચાર્જ શ્રી પી. કે. દિયોરા, દ્વારા વિદ્યાર્થીઓને સમાજમાં બાળકો પર થતા વિવિધ પ્રકારના અત્યાચાર વિશે માહિતી આપવામાં આવી હતી. આ અત્યાચારોને રોકવા માટે કેવાં પગલાં ભરવા જોઈએ તેની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓમાં પોલીસ વિષે કેટલાક પ્રકારની ગેરસમજો છે, તે ગેરસમજોને પણ તેમણે દૂર કરી હતી.

  જિલ્લા બાળ સુરક્ષા એકમના પ્રોટેક્શન ઓફિસર જિમી પરમારે જો બાળકો ઉપર થતા અત્યાચારો રોકવા અંગે સમજ આપી હતી, તેમજ સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ બાળકો માટે ચાઈલ્ડ લાઈન નંબર ૧૦૯૮ ની માહિતી પણ આપી હતી.

- **સી.પી. પટેલ કોલેજ** આણંદમાં ''ભારતની વસ્તીવૃદ્ધિ અને તેની આર્થિક-સામાજિક સમસ્યાઓ અને ઉપાયો'' વિષય પર સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. હિતેશકુમાર એન. પટેલનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. કોલેજના પી.ઈ.સી ના ચેરમેન આર. ડી. મોદીએ કહ્યું હતું કે વસ્તી એ આજના સંદર્ભમાં યુવાનોની વધુ છે, જેમાં વધુ મૂડીરોકાણ અને ચોક્કસ આયોજન કરી તેને અસ્કયામત બનાવી શકાય. જ્યારે ડૉ. હિતેશકુમાર એન. પટેલે વિવિધ પ્રકારની વસ્તીની સમસ્યાઓ અને સમસ્યાઓના મૂળમાં ભારતના સંદર્ભનાં કારણો અને અસરો પર રજૂઆત કરી હતી.
- આણંદ એજ્યુકેશન કોલેજમાં જ્ઞાનધારા, ગ્રંથાલય અને શૈક્ષણિક પ્રવચનના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭-૭-૧૪ના રોજ શૈક્ષણિક પ્રવચન યોજવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રીએ ''જીવન પથનાં પગથિયાં'' પુસ્તક વિશે વિસ્તૃત માહિતી આપી, જેમાં બાલ્યાવસ્થાથી લઈને વૃદ્ધાવસ્થા સુધીની જુદી જુદી અવસ્થાઓમાં જરૂરી દસ્તાવેજોનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કર્યું.
- આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૨૧-૬-૧૪ના રોજ શૈક્ષણિક પ્રવચન કાર્યક્રમ યોજાયો હતો. તેમાં મુખ્ય વક્તા ડૉ. દિપાલીબેન ગાંધીએ બી.એડ્.માં સમયનું વ્યવસ્થાપન વિષયને અનુરૂપ પોતાના વિચારો રજૂ કરી વિવિધ મુદ્દાઓ દ્વારા વિસ્તૃત ચર્ચા કરી જીવનમાં સમયના વ્યવસ્થાપન પર ભાર મૂક્યો અને તાલીમાર્થીઓને વિવિધ ઉદાહરણ દ્વારા પ્રોત્સાહિત કર્યા.
- આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૨૩-૬-૧૪ના રોજ શૈક્ષણિક પ્રવચન કાર્યક્રમ યોજાયો હતો, તેમાં મુખ્ય વક્તા ડૉ. અનુબેન મહેતાએ બી.એડ્.ની કારકિર્દી દરમ્યાન પરીક્ષાની કઈ રીતે તૈયારી કરવી તથા સહ અભ્યાસ પ્રવૃત્તિઓનું મહત્ત્વ સમજાવી સર્વેને પ્રોત્સાહિત અને ઉત્સાહીત કર્યા હતા. સાથે ભૂતપૂર્વ તાલીમાર્થી દિપ્તીએ પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા.
- આણંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ સ્ટડીઝ ખાતે જે.સી.આઈ. મિલ્કસીટી, આણંદ દ્વારા 'Success Through Communication' પર વર્કશોપ યોજવામાં આવ્યો હતો.
- આણંદ હોમિયોપેથિક મેડીકલ કોલેજ અને રીસર્ચ ઈનિસ્ટટ્યૂટ દ્વારા તા. ૧૭-૭-૨૦૧૪, ગુરુવારના રોજ એનાટોમી ડીપાર્ટમેન્ટ દ્વારા ''એનાટોમિકલ મોડલ કોમ્પિટીશન'' યોજાઈ હતી. આ સ્પર્ધામાં પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસ.નાં વિદ્યાર્થીઓએ કુલ ૧૭ જેટલા એનાટોમિકલ મોડલ પ્રદર્શિત કર્યાં હતાં. સ્પર્ધામાં ''પેરીફેરલ હાર્ટ'' નામના મોડેલને પ્રથમ ક્રમ મળ્યો હતો. આ સ્પર્ધાને સફળ બનાવવા કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ. નીલમબેન કે. ત્રિવેદી, ડૉ. ફોઝીયાબેન વોહરા તેમજ વિદ્યાર્થીગણે ભારે જહેમત ઉઠાવી હતી. તદ્ઉપરાંત કોલેજ દ્વારા તા. ૩૧-૭-૨૦૧૪નાં રોજ ફોરેન્સિક મેડીસીન ડિપાર્ટમેન્ટ દ્વારા 'સર્પદંશ  તેમજ તેની પ્રાથમિક સારવાર' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.






- એમ.બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં તા. ૨૫મી જુલાઈ ૨૦૧૪ના રોજ ડૉ. જે.પી. મૈયાણી (નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, અનુસ્નાતક શિક્ષણ વિભાગ, ભાવનગર યુનિવર્સિટી)નું ''શિક્ષક-પ્રશિક્ષણમાં માહિતી, પ્રત્યાયન, તકનીકી'' વિષય પર વક્તવ્ય યોજાયું હતું. પ્રસ્તુત વક્તવ્યમાં ડૉ. મૈયાણીએ વ્યવહારુ જીવનના દૃષ્ટાંતો રૂ, સુતર, કાપડ અને વસ્ત્રને અનુક્રમે વિગતો, માહિતી, જ્ઞાન અને ડહાપણ સાથે સરખાવીને શિક્ષક જીવનમાં તકનીકિ (ICT) નું મહત્ત્વ સ્પષ્ટ કર્યું હતું.

# 'અધ્યાપક'વૃત્ત

- **Dr. Raju M. Rathod**, Associate Professor of MBA Department conducted session on Theory V/s Practice at SUMMER MAN-EDU-TAINMENT CAMP organized by Indukaka Ipcowala Institute of Management, CHARUSAT University, Changa, during 5-10 May, 2014. He also offered his services as one of its coordinators. Dr. Rathod conducted three sessions on Data Analysis through SPSS and Excel at Indukaka Ipkowala Institute of Management, Charusat Univerity, Changa for Faculty Members of Management and Social Science, on 7th June, 2014. He also delivered an expert lecture at Two days FDP programme on "Research Methodology, Data Analysis and Interpretation with Practical Application" at Anand Institute of Management and taught Cluster Analysis and Discriminant Analysis on 28 June, 2014.
- **Prof. Rajnikant P. Patel**, Director and Head of Department of Business Management delivered an expert lecture on the topic "Importance of Data in Research, Analysis and Interpretation of Data" at One-week Faculty Development Programme (FDP) named "Quantitative Teachiniques for Scientific Research Using Statistical Software. July 21-25, 2014" on July 21, 2014, organized by Gujarat Technological University (GTU), Ahmedabad.
- **Dr. K. S. Prasad**, Asst. Professor of Strategic Management & Human Resources, conducted two sessions at Academic Staff College, Sardar Patel University on 25-7-14, on the topic of "Issues & Challenges in Management".
- **P. K. Priyan**, Professor in Finance, MBA Department, conducted four sessions at Academic Staff College, Kerala University, Thiruvananthapuram on 17 and 18 June 2014 on the following topics :

  (1) Adjusted Present Value Method of Capital Budgeting

  (2) Venture Capital & Entrepreneurship

  (3) Management Control Systems and Strategy Implementation of Selected Corporations.
- **Dr. Yogesh C. Joshi**, Professor in Management, delivered expert lectures at ASC, Sardar Patel University during "Refresher Course in Commercial and Managment" on the following topics :

  (1) Exchange rate management and Central Bank intervention

  (2) Microfinance institutions and related issues

  (3) IMF and prescription for Centrel Bank intervention in FOREX market

  (4) Issues also related to Urbanisation : Indian perspective

  He was Invited to be an expert for selection in G.D./P.I. for Management in Financial Services by M.L.S. University, Udaipur on 10 June, 2014.



• સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગના **પ્રો. રંજનાબેન સી. ધોળકિયાએ** ''ભારતીય સામાન્ય ચૂંટણીઓમાં મતદાન નહીં કરનારા મતદાતાઓનો અભ્યાસ: નવસારી વિધાનસભા મત વિસ્તારના સંદર્ભમાં'' વિષય પર રજુ કરેલ મહાશોધ નિબંધને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરે માન્ય રાખી તેઓને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ સંશોધનકાર્ય રાજ્યશાસ્ત્ર અનુસ્નાતક વિભાગ, વલ્લભ વિદ્યાનગરના અધ્યક્ષ પ્રો. બલદેવ આગજાના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો છે. તેમને સંશોધન કાર્ય માટે હાર્દિક અભિનંદન.




• બિહાર રાજ્યમાં ''બોધગયા'' મુકામે મગધ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ અને Indian Psychological Assoliction (IPA)ના ઉપક્રમે ત્રિ-દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ ગઈ. આ પરિષદનો વિષય "Measurement and Evaluation in Psychology and Education" હતી. આ આંતરરાષ્ટ્રીય ગોષ્ઠિમાં સરદાર પટેલ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગના એસો. પ્રોફેસર **ડૉ. સુરેશ મકવાણાએ** તેમનું પેપર રજૂ કર્યું હતું જેનું શીર્ષક : "Factor affecting aggressive behaviours in Government and non-Government Hostel Students" હતું. **આ સંશોધન પેપરને IPA પારિતોષિક મૂલ્યાંકન સમિતિએ શ્રેષ્ઠ સંશોધનપત્ર તરીકે મૂલ્યાંકન કરીને ''President Gold Medal Award-2014'' જાહેર કરી. પ્રમાણપત્ર અને ગોલ્ડ પ્લેટેડ એવોર્ડ આપી ડૉ. સુરેશ મકવાણાનું સન્માન કર્યું હતું. ડૉ. સુરેશ મકવાણાએ સરદાર પટેલ યુનિવર્સિટી અને મનોવિજ્ઞાન વિભાગનું ગૌરવ વધાર્યું છે તે બદલ તેમને અભિનંદન.**

• **સરદાર પટેલ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગમાં એસોસિયેટ પ્રોફેસર તરીકે કાર્યરત ડૉ. સુરેશભાઈ મકવાણા "International Journal of Indian Psychology"ના Chief Editor બન્યા છે. આ જર્નલમાં ભારત દેશ અને વિશ્વના દેશોના વિદ્વાન અધ્યાપકો Editorial Board માં કામ કરે છે. આ જર્નલ www.IJIP.in કરવાથી તેની સંપૂર્ણ માહિતી પ્રાપ્ત થાય છે. આ જર્નલમાં Psycology, Social Sciences, Education અને Home Scienceના વિષયોને આવરી લીધા છે. જર્નલ ત્રૈમાસિક છે. આ જર્નલને ભારત ઉપરાંત જર્મની, કેનેડા, બ્રિટન, યુ.એસ.એ. ઇત્યાદિ દેશોએ માન્યતા આપી છે.**

• અનુસ્નાતક ઇતિહાસ વિભાગના અધ્યાપક **હેમન્ત દવેએ** તા. ૨૧-૭-૨૦૧૪ એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજના ફોક એન્ડ ઈન્ડિજિનસ સ્ટડીઝ વિભાગમાં 'સંશોધન પદ્ધતિશાસ્ત્ર' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

• પ્રો. જિગીશ પંડ્યાએ તા. ૨૪-૫-૨૦૧૪ના રોજ એકેડેમિક સ્ટાફ કૉલેજ, સરદાર પટેલ યુનિવર્સિટીમાં 'એઈન્શન્ટ હિસ્ટરી એન્ડ ટ્રેન્ડ્ઝ ઇન મોડર્ન હિસ્ટરી' વિષય ઉપર બે વ્યાખ્યાનો આપ્યાં હતાં.

- **Lectures Delivered :**
- **Dr. Darshana Dave**, Professor in Marketing was invited as a Resource Person at University Teachers' Quality Improvement Programme. She delivered a lecture on "Time Management Skills" on 16 May, 2014 at C.U. Shah University, Wadhwan.
- She also delivered a lecture at Academic Staff College, Vallbh Vidyanagar on Communication Skills for Teachers on 22-1-14. She also delivered three lectures at Academic Staff College, Vallbh Vidyanagar on research designs, writing research proposal and communication process on 7-2-14.
- She chaired a technical session in the National Seminar on "Prospects and Challanges for Management in Indian Economics" organized by Anand Institute of Management on 8-3-14.
- **Dr. M.K. Yagnik and Dr. K.S. Likhia**, of Department of Education participated in the seminar organized by Ph.D. Guides' Association of Gujarat in Education at New Progressive College of Education, Mehsana. Dr. M.K. Yagnik delevered a Key-note Address on "Contemporary Researches in Education" and Dr. K.S. Likhia delievered a lecture on "Mixed Methodology and Approaches for researches in Education". Both the lectures provoked scholarly discussions.



એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજના આચાર્ય તથા સરદાર પટેલ યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવ ડૉ. મોહનભાઈ પટેલ તા. ૮-૯-૧૦ ઑગસ્ટ ૨૦૧૪ દરમ્યાન અમેરિકાના ન્યૂ જર્સી ખાતે યોજાનાર વિશ્વ ગુજરાતી સંમેલનમાં ભાગ લેવા માટે અમેરિકા જઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આણંદ ખાતેના સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટને ગુજરાત રાજ્ય સરકારના બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનનું કેન્દ્ર આપવામાં આવ્યું છે, જે અંતર્ગત ટ્રસ્ટ બિનનિવાસી ગુજરાતી (NRG)ને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. આ પ્રવૃત્તિઓ અંતર્ગત ટ્રસ્ટ તરફથી બે પ્રતિનિધિને અમેરિકા ખાતે યોજાનાર સંમેલનમાં મોકલવામાં આવી રહ્યા છે, જેમાં એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજના આચાર્ય ડૉ. મોહનભાઈ પટેલ તથા રાજેશભાઈ બી. પટેલનો સમાવેશ થાય છે.

# દિકરીની નિશાળના શિક્ષિકાબહેનને દિકરીની માનો પત્ર !!!

પ્રિય બહેન,

મારી મીઠડી આજથી તમારી નિશાળે આવવાની છે. એ ઘરેથી ઘણાં-બધાં રંગબેરંગી સ્વપ્નો લઈને નીકળી છે. બધાં સ્વપ્નો સાચાં નથી પડતાં એ તેને ક્યારેક ને ક્યારેક સમજાઈ જશે, માત્ર સ્વપ્નાં જોવાની તેની તાકાત તે કદીય ગુમાવે નહીં તે તમે તેને શીખવજો.

એને જગતની અગણિત ધૈર્યવાન સ્ત્રીઓનાં ઉદાહરણો આપજો, અને અસંખ્ય અડચણોના ડુંગરા દૂર કરીને એમણે એને માટે કેટકેટલાં નવાં દ્વાર ખોલી આપ્યાં છે, એ પણ એને બતાવજો. મને ખબર છે બધી જ વાતો ઝટપટ શીખવી શકાતી નથી. તોય એના મનમાં એ વાત ચોક્કસ ઉતારજો કે સ્વાતંત્ર્ય કદી કોઈ થાળીમાં પિરસીને એને ધરશે નહીં અને માગતાં તો કદી જ મળતું નથી એને સ્વયં સિદ્ધ કરવું પડે.

એને કહેજો કે, ભૂલ થાય એના માટે ગભરાવવાનું ન હોય - બલકે ભૂલોમાંથી શીખતાં આવડવું જોઈએ. ગુંડાઓથી ડરીશ નહીં, તેઓ પોતે જ નબળા મનના હોય છે, તે ખાસ કહેજો. ગુંડાઓની ગુંડાગીરીથી મુક્ત થવા એણે શરીરને કસીને ખડતલ બનાવવું પડશે એ માટે એને તૈયાર કરજો. એણે સભ્યતાનાં અંચળા હેઠળ છુપાયેલા લુચ્ચા શિયાળોને, વરુઓને ઓળખતાં શીખવું પડશે.

પોતે છોકરી છે તેને માટે એણે કદી હીણપત કે લઘુતાગ્રંથિ અનુભવવી જોઈએ નહીં. ખુલ્લા મને ખેલવા/કૂદવામાં એનું શરીર કદી અડચણરૂપ ન થવું જોઈએ. તેના રૂપનાં ખોટાં વખાણ કદીય ન કરશો; પણ એને પોતાના શરીરનું ઉચિત માન જાળવતા અવશ્ય શિખવજો. એના શરીર પર માત્ર એનો જ અધિકાર છે એ વાત એના મનમાં બરોબર ઠસાવજો તો જ, તેની ઉપર થનારા હુમલાઓનો ધૈર્યપૂર્વક સામનો કરતાં તેને આવડશે.

સંઘર્ષથી ગભરાવાને બદલે પોતાના હક્કને માટે લડવું શ્રેયકર હોય છે, એ બોધપાઠ એને શાળામાં શીખવા મળવો જ જોઈએ. પ્રેમના નામે તેના આત્મ-સન્માનનું બલિદાન માંગનાર દંભીઓથી સાવધ રહેતાં તેને શીખવજો. એને બરોબર ગળે ઉતારજો કે આબરૂને કાચનું વાસણ સમજી પોતાની જાતને કુંઠિત ન કરી દે, તો સાથે સાતે જ બજારુ વસ્તુની જેમ પોતાનો વિક્રય પણ ન થાય એનુંય ધ્યાન રાખતાંય શિખવજો.

તમે એને સમયસૂચકતા અને સંયમ શિખવજો પણ એના ખળખળતા ઉત્સાહનું ઝરણું સુકાઈ ન જાય તેનું ધ્યાન રાખજો. એની સાથે દુર્વ્યવહાર કરનારની સાથે ખોટા વાદ-વિવાદમાં ઉતરીને સમય બગાડવાને બદલે એમનાથી મોટી લીટી દોરી બતાવીને પોતાની જાતને સિદ્ધ કરીને જ જવાબ અપાય એ તેને જરૂર કહેજો. બધા જે તેની ભૂલ કાઢતા હોય કે તેને ખોટી સમજતા હોય તો પણ પોતાની કલ્પના, પોતાના વિચારો પર એણે દૃઢ વિશ્વાસ રાખવો જોઈએ. એને કહેજો કે પુરુષપ્રધાન જગતમાં પુરુષોએ કરેલી ભૂલોનું પુનરાવર્તન કરવાને કદીય સમાનતા ગણીશ નહીં. મારી દીકરીને જીવનમાં ભાવનાઓ /લાગણીઓનું મૂલ્ય સમજતાં આવડે એવું કરજો. પણ લાગણીઓમાં વહી જઈને વિચારોનો આધાર કદી છોડી ન દે તે શિખવજો જ.

તેને શિખવજો કે તેને પોતાને વાજબી લાગતી કોઈ પણ વાત કે કામ કરતાં ગભરાય નહીં, તે જ રીતે પોતાને જે અયોગ્ય લગતી હોય તેવી કોઈ જવાત કે કામ કરે નહીં. ભૂલ થશે તો સુધારવા આપણે છીએ જ એનો એને ભરોસો આપજો. પોતાના ઉત્કર્ષનો પ્રયત્ન તેણે જરૂર કરવો જોઈએ, પણ એની વંચિત સખીઓને પ્રગતિની હોડમાં ભૂલી ન જાય. એને સમજાવું જોઈએ કે, સ્પર્ધા કરતાં સહકાર્ય/સહજીવન વધુ મહત્ત્વનું હોય છે.

માફ કરો બહેન ! હું મારી અપેક્ષાઓનો મોટો ભાર તમારે માથે નાખું છું. પણ જુઓ, શક્ય હોય એટલું કરજો. ખાસ તો મારા તરફથી શું મદદ જોઈએ તે મને મોકળા મને કહેજો. તમારામાંની 'મા' અને મારામાંની શિક્ષિકા બંનેએ મળીને ઘડવાનું છે તેનું અને આપણું ભવિતવ્ય !

(પ્રેરણાઃ અબ્રાહમ લિંકનના પત્ર ઉપરથી વંદના ખરે; અનુવાદ : જયશ્રી જોષી)

# વિદ્યાર્થી વિભાગ

## સંત કવિ ભોજા ભગત કાવ્યસ્પર્ધા....

### આખરે શું છે આ જિંદગી... ?


જિંદગી જિંદગી જિંદગી...
આખરે છે શું જિંદગી ?
શાયર કહે છે શાયરી, ગઝલકાર કહે એને ગઝલ
ગીતકાર કહે સુમધુર ગીત, આ છે જિંદગીની અનોખી રીત...
ધર્મ કહે ઈશ્વરની દેન, વિજ્ઞાન કહે કુદરતનો ખેલ
જાદુગર કહે છે ચમત્કાર, આ તો જિંદગીના જુદા જુદા આકાર...
બાળક કહે છે એક રમત, મશ્કરો કહે મોટી ગમ્મત
કોઈ વળી કહે છાંયો ને ધૂપ, આટલાં બધાં જિંદગીનાં રૂપ...
કહે વિદ્યાર્થી છે જિંદગી અભ્યાસ, સખત પરિશ્રમ ને આત્મવિશ્વાસ
જે જીવી જાણે છે જિંદગી, થાય તેનાં સમણાં સાકાર...
જિંદગી જિંદગી જિંદગી...
અરે ! આખરે છે શું આ જિંદગી ?

અર્પિતા ટી. પટેલ (પ્રથમ વિજેતા)
આઈ. જે. પટેલ બી.એડ. કોલેજ (એમ.એડ.), મોગરી

### ભોજલગાથા

ભોજા નામે થયો ભગત એ;
થાણાગાલોલમાં પીએ દૂધડાં,
બાર વરસની ઉંમરે છોડ્યાં સુખડાં.
સંન્યાસ લીધો છે ગિરિકંદરામાં,
ફત્તેપુરમાં સ્થાપ્યાં છે થાણાં,
લેવા કણબીની નાતે જનમ્યાને,
છોડ્યાં છે ખેતીનાં વાહણાં,
અભણ રહ્યા ને તોય લખ્યાં છે,
ધોળાં, કાફી, કક્કા, મહિનાનાં ગાણાં,
જલારામ થયા છે શિષ્ય એમના,
એવા બહુનામી થયા એ પરખાણાં,
૧૭૮૪થી લઈ ૧૮૫૦માં થયા,
૬૫ વરસના એના જીવતરનાં વ્હાણાં,
થયો પ્રગટને ગાયા એણે ચાબખા,
અમર થયાં ભોજા ભગતનાં ગાણાં.

પ્રિતેશ બી. કુમકીયા (તૃતીય વિજેતા)
શ્રી જે. એમ. પટેલ ઈન્સ્ટી. ઓફ પીજી સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઈન હ્યુમેનીટીઝ, આણંદ



### વળાવી બાપુ આવ્યા

જ્યારે પ્રથમ વખતે તને ખોળામાં લીધી હતી,
હજુ પણ એ સમય છે મને યાદ
હજુ પણ મને યાદ છે, તારી આવવાની
ખુશીમાં ખાધેલી જલેબીનો સ્વાદ
જ્યારે તને જોઈ હતી ત્યારથી જ મનમાં હતી આસ,
આજે સારા ઘરે તને વળાવીને મારા શ્વાસમાં
આવ્યો શ્વાસ.
હંમેશાં મનમાં બધા માટે તું પ્રેમ અને માન રાખજે
તારા નવા ઘરને તું એક જ દોરીમાં બાંધી રાખજે.
બેટા મારી લાડલી, મારી ઢીંગલી તારી યાદ તો બહુ જ આવશે
પણ તું સુખી રહે એવી પ્રાર્થના હંમેશાં સાથે લાવશે.
મારા જીવનનો સૌથી શ્રેષ્ઠ દિવસ આવ્યો છે આજ
જો કોઈ ભૂલચૂક થઈ હોય તો મારી દિકરી
મને કરજે માફ.
તારા નાનકડા હાથ પકડીને મેં જ તને ચાલતાં શીખવાડી છે
અને આજે મારા હાથે જ કન્યાદાન કરી મેં જ તને વળાવી છે.

ભાવેશ ગોહેલ (દ્વિતીય વિજેતા)
અંગ્રેજી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર

# સદ્‌ગત પ્રા. જ. કા. પટેલ કાવ્યસ્પર્ધા....

## ઈશ્વર છે તું...

મુજને બનાવનાર એક શિલ્પકાર છે તું,
જોઈ ન શકીએ તુજને તેવો આકાર છે તું.

પ્રશ્નો જે જિંદગીભર કલ્પી ન શકાય,
તે સપનાં સાકાર કરી દેનાર છે તું.

પરબ બંધાય છે જ્યાં તરસ્યા માટે,
સ્વપ્નદૃષ્ટિ માટે વણઝાર છે તું.

વિધિની વક્રતાને પલટાવી દેનાર
દરેકના ઘેર જન્મેલ સંસ્કાર છે તું.

ભલે રંગ ઊડી ગયા મારા જિંદગીના,
તો પણ મારી તસવીરનો ચિત્રકાર છે તું.

રચી છે ગઝલ તમારી શ્રદ્ધાની ભીનાશમાં,
રોકી ન શકાય એવો વરસાદ છે તું.

જૈમિની રાવલજી (પ્રથમ વિજેતા)
આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ

## જાણીતા અજનબી

તમે શાને આટલા મુજથી દૂર છો?
લાગે છે કદાચ દુનિયાથી મજબૂર છો.
જોયાં નથી તમને ભલે મેં પણ,
લોકો કહે પ્રેમમાં તમે ખૂબ મશહૂર છો.

તમને નિહાળ્યા છે હૃદયની આંખે ખૂબ કરીબથી,
પ્રેમ જો પાપ હોય તો, પાપ થયું આજ આ શરીફથી.
અમે તો બસ યાદોની ઈંટો ગોઠવતા હતા,
તમે આવ્યાં, સ્વપ્નનો મહેલ ચણાયો મુજ ગરીબથી.

હકીકતમાં ભલેને તમે બધું જાણીને અનજાન છો,
પણ છતાંય મારા માટે એક બાળક, નાદાન છો.
તમને જાણ્યાં પછી લાગ્યું આજ મુજ નાસ્તિકને કે,
જેને પામવું હતું, પૂજવું હતું, તમે તે જ ભગવાન છો.

તમારી યાદો મને જીવવા માટે જરૂરી થઈ ગઈ,
પણ હજી ઘણીય વાતો અધૂરી રહી ગઈ.
અમે તો તમારી કલ્પના કરતાં લખી હતી શાયરી,
ને જુઓ ને, હવે તો આખી એક ગઝલ જ પૂરી થઈ ગઈ.

રોનક જે. બ્રહ્મભટ્ટ (તૃતીય વિજેતા)
આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશિયલ વર્ક, આણંદ



## વિકાસની વાત

એક અનોખી સફરની વાત છે,
ગુર્જર-ધરાના વિકાસની આ વાત છે.

પાંચ દશકમાં થયું જે કાંઈપણ,
એ ભવ્યગાથા, એ હકીકતની વાત છે.

પ્રગતિના સજદાથી પ્રકાશિત જે થઈ,
એ નગરો એ જનપદની વાત છે.

સમયનાં વ્હેણ સાથે આવ્યા ચઢાવ-ઉતાર,
લોકો એ અનુભવેલી કપરી 'ક્ષણો'ની વાત છે.

ભાગ્યમાં હતી ભયાનક હોનારતો ને ભૂકંપ,
સહન કર્યું એ લોકોના સબરની વાત છે.

સળગી જ્યોત ગામડાઓના ઘરે-ઘરમાં,
'જ્યોતિર્ગ્રામ' યોજનાની અસરની વાત છે.

છોડી ઘરકામ ગઈ શાળાએ બાળાઓ,
'કન્યા-કેળવણી' ને અપાયેલા મહત્ત્વની વાત છે.

'દિકરો-દિકરી' એકસમાન થયું મા-બાપને ભાન,
'સ્ત્રી-ભૃણહત્યા' નિષેધના નિયમની વાત છે.

ઘટ્યા અંતર ને વિકસ્યા આંતર-સંબંધો,
'ગૌરવ-પથ' રસ્તાઓના વિકાસની વાત છે.

અજનબીઓને પણ અતૂટ પ્રેમ થઈ જાય,
એ જ તો મારા ગુજરાતની ખાસ વાત છે.

વિનયકુમાર પરમાર (દ્વિતીય વિજેતા)
અર્થશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભવિદ્યાનગર

# અભ્યાસ સમિતિની પુનારચના
## (તા. ૧૯-૭-૨૦૧૪ થી તા. ૧૮-૭-૨૦૧૭)

| અભ્યાસ સમિતિનું નામ | અધ્યક્ષનું નામ |
|---|---|
| **વિનયન વિદ્યાશાખા** | |
| ૧) હિન્દી | ડૉ. એન. કે. ચૌહાણ, પ્રોફેસર, હિન્દી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| ૨) ગુજરાતી | શ્રીમતિ અમિતા જે. ભટ્ટ, લેક્ચરર, આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ |
| ૩) સંસ્કૃત | શ્રીમતિ એચ.એલ. સોલંકી, લેક્ચરર, એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ |
| ૪) અંગ્રેજી | ડૉ. આર. કે. માંડલિયા, એસો. પ્રોફેસર, અંગ્રેજી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| ૫) ઇતિહાસ | શ્રી ડી. સી. ચૌધરી, આસિ. પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| ૬) સમાજશાસ્ત્ર | ડૉ. જે. એમ. ત્રિવેદી, પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| ૭) માનસશાસ્ત્ર | ડૉ. એસ. એમ. મકવાણા, એસો. પ્રોફેસર, માનસશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| ૮) રાજ્યશાસ્ત્ર | ડૉ. બલદેવ આગજા, પ્રોફેસર અને વડા, રાજ્યશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| ૯) ગ્રંથાલય વિજ્ઞાન | શ્રી એન. ડી. ઓઝા, લેક્ચરર, લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| **વિજ્ઞાન વિદ્યાશાખા** | |
| ૧) રસાયણશાસ્ત્ર | ડૉ. ડી. આઈ. બ્રહ્મભટ્ટ, પ્રોફેસર અને વડા, રસાયણશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| ૨) ભૌતિકવિજ્ઞાન | ડૉ. યુ. એચ. પટેલ, પ્રોફેસર અને વડા, ભૌતિકશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| ૩) જીવવિજ્ઞાન | ડૉ. નરસિંહાચાર્ય એ.વી.આર.એલ., પ્રોફેસર અને વડા, જીવવિજ્ઞાન વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| ૪) ગણિતશાસ્ત્ર | ડૉ. એન. વાય. પટેલ, લેક્ચરર, વી.પી. સાયન્સ કોલેજ, વલ્લભવિદ્યાનગર |
| ૫) આંકડાશાસ્ત્ર | શ્રી એચ. બી. માધવાની, લેક્ચરર, વી. પી. સાયન્સ કોલેજ, વલ્લભવિદ્યાનગર |
| **વાણિજ્ય વિદ્યાશાખા** | |
| ૧) કોમર્સ અને બિઝનેસ સ્ટડીઝ એન્ડ બેન્કીંગ | શ્રી આર.પી. પટેલ, લેક્ચરર, આણંદ કોમર્સ કોલેજ, આણંદ |
| ૨) એકાઉન્ટન્સી | શ્રી બી. આઈ. પટેલ, લેક્ચરર, સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ |
| **કાયદાશાસ્ત્ર વિદ્યાશાખા** | |
| ૧) કાયદાશાસ્ત્ર | શ્રી નિલેશ વી. શાહ, કા. આચાર્ય, પી. એમ. પટેલ કોલેજ ઓફ લો એન્ડ હ્યૂમન રાઇટ્સ, આણંદ |
| **ગૃહવિજ્ઞાન વિદ્યાશાખા** | |
| ૧) ગૃહવિજ્ઞાન | સુશ્રી બીજલ ડી. પટેલ, લેક્ચરર, કે. પી. પટેલ કોલેજ ઓફ હોમસાયન્સ, આણંદ |
| **આયુર્વિજ્ઞાન વિદ્યાશાખા** | |
| ૧) પરાચિકિત્સા | ડૉ. મેનકા શાહ, પ્રોફેસર, પેથોલોજી વિભાગ, પી. એસ. મેડીકલ કોલેજ, કરમસદ |
| ૨) ચિકિત્સા | ડૉ. નિખિલ ખારોડ, પ્રોફેસર, પીડીયાટ્રીક્સ વિભાગ, પી. એસ. મેડીકલ કોલેજ, કરમસદ |

# Excellence Matters

- **B.R.D. School of Biosciences**, Sardar Patel University, received the financial assistance of Rs. 247 lakhs (for the period of 5 years) under UGC Scheme of Centre for Advanced Studies (CAS).

- **Department of Mathematics**, Sardar Patel University, is granted the financial assistance of Rs. 116 lakhs (for the period of 5 years) under UGC Scheme of SAP-DRS (Phase-II).

- **Department of Statistics,** Sardar Patel University, has received the grant of Rs. 82 lakhs under UGC Scheme of SAP-DRS (Phase-II).

From the state of Gujarat, total six departments of three universities have been granted these financial aids. It is indeed a matter of pride for all of us that three departments of Sardar Patel University have achieved this prestigious recognition.

- **Dr. S.S. Soni,** Department of Chemistry, Sardar Patel University, has received Rs. 64,74,176/- under DST Reserch Project for setting up the Dye Sensitised Solar Cell Fabrication.

- **Dr. Mohanbhai N. Patel**, Department of Chemistry, Sardar Patel University, has received Rs. 7,00,000/- under the schem of UGC one-time-grant to Faculty/Professor of University.

# કારકિર્દી માર્ગદર્શન

ગુજરાત જાહેર સેવા આયોગની વર્ગ ૧-૨ની પરીક્ષા વર્ષ પછી આવી છે, જેથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળે છે. ઠેર-ઠેર એ માટેના વર્ગો શરૂ થઈ ગયા છે. આ વર્ગોની ઉંચી ફી ગરીબ વિદ્યાર્થીઓને પોસાતી નથી. આવા વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની તૈયારી કઈ રીતે કરવી તે અંગે માર્ગદર્શન આપવાની અહીં કોશિશ કરાઈ છે. આ વખતની જાહેરાત પ્રમાણે પ્રિલિમિનરી પરીક્ષામાં ફેરફાર કરાયા છે. ગુજરાતી, અંગ્રેજી, સી.સેટ (ગણિત), જનરલ સ્ટડીઝનાં પેપર રખાયાં છે. નીચે જણાવેલી વેબસાઈટ જોવા માટે વિદ્યાર્થીઓને ભલામણ છે.

- જી.પી.એસ.સીના સામ્પલ પેપર માટે – www.gpsc.gujaratgov.in
- પરીક્ષા સામગ્રી માટે - www.marugujarat.in
- કરન્ટ એફેર્સ માટે - www.crackgpsc.com, gk.7codesolutions.com, www.rijadeja.com
- સ્પર્ધાત્મક પરીક્ષા માટે - gkgujarat.wordpress.com, www.jagranjesh.com

નીલેશ વી. શાહ

# 'ગ્રંથાલય' વૃત્ત

## ભાઈકાકા ગ્રંથાલયમાં ગ્રંથાલય અભિમુખતા કાર્યક્રમ

સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત ભાઈકાકા ગ્રંથાલયમાં તાજેતરમાં તા. ૨૨-૭-૨૦૧૪ના રોજ ગ્રંથાલય અભિમુખતા તથા માહિતીની જાણકારીનો કાર્યક્રમ ભાઈકાકા લાયબ્રેરીના મહિલા વાંચન ખંડમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમ તા. ૨૨-૭-૨૦૧૪ થી તા. ૮-૮-૨૦૧૪ સુધી કાર્યરત રહ્યો હતો. આ કાર્યક્રમનો હેતુ સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/સંશોધનકર્તાઓ તથા અધ્યાપકોને ગ્રંથાલયની કાર્યપ્રણાલિ તથા ઈન્ફ્લિબનેટ હેઠળ મળતી સામગ્રીની જાણકારી આપવાનો હતો. આ કાર્યક્રમનો વિદ્યાર્થીઓ, સંશોધકો તથા અધ્યાપકોએ લાભ લીધો હતો.



ભાઈકાકા ગ્રંથાલયના ઈન્ચાર્જ ગ્રંથપાલશ્રીએ આ અભિમુખતા કાર્યક્રમ યોજીને ગ્રંથાલય પ્રવૃત્તિને વેગવાન બનાવવાનું પગલું ભર્યું છે, જે થકી વિદ્યાર્થીઓ ગ્રંથપાલથી પરિચિત થાય અને વાંચન સાથે નાતો કેળવે અને ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાનો હેતુ પણ સિદ્ધ થાય તેવી અપેક્ષા છે. આ ગ્રંથાલય અભિમુખતા કાર્યક્રમ પ્રોજેક્ટર પર લાઈવ ડેમોસ્ટ્રેશનથી કરવામાં આવ્યો હતો. સદરહુ અંગેની સંપૂર્ણ માહિતી આવરી લેવામાં આવી હતી. જેની અંતર્ગત ગ્રંથાલયમાં ઉપલબ્ધ વિવિધ સ્રોતો પૈકી પુસ્તકો, સંદર્ભગ્રંથો, થિસિસ વગેરેની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત સરળતાથી વાંચનસામગ્રી શોધી શકાય તે માટે કોમ્પ્યુટરાઈઝ OPAC (Online Public Access Catalogue) વિશેની જાણકારી પણ આપવામાં આવી હતી. નવનિર્મિત બનેલા

સામાયિક વિભાગની અંદર ગ્રંથાલયમાં આવતા ૩૭૦+ નેશનલ અને ઈન્ટરનેશનલ પિરીયાડિકલ વિશેની માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત ગ્રંથાલય દ્વારા Cyber World દ્વારા અપાતી Online સેવાઓ કે જેની અંતર્ગત UGC Infonet અન્વયે પ્રાપ્ત થતા વિવિધ વિષયોના ૬૦૦૦ કરતા વધુ ઈ-જર્નલ્સ જે છે તે કેવી રીતે જોઈ-મેળવી શકાય તેની માહિતી આપવામાં આવી હતી. ભાઈકાકા ગ્રંથાલયે DELNET જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંસ્થાના સભ્ય હોઈ તેના ઉપયોગ અંગેની જાણકારી પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત ગ્રંથાલયમાં ઉપલબ્ધ વિવિધ સેવાઓ જેવી કે સંદર્ભસેવા, ઝેરોક્ષસેવા, Internet Library વગેરે વિશેની માહિતી આપવામાં આવી હતી. સંશોધન માટે ઉપયોગી એવા શોધગંગા, શોધગંગોત્રી વિશે પણ વિદ્યાર્થીઓને માહિતીસભર માહિતીથી માહિતગાર કરાયા હતા. વિશેષમાં ગ્રંથાલય વિશેની સામાન્ય માહિતી જેવી કે વાંચનખંડ, સભ્યપદ, અતિદેય વિશે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ ભાઈકાકા ગ્રંથાલયના વિવિધ આંતરિક વિભાગોમાં થતી કામગીરી બાબતે સ્થળ ઉપર જાણકારી આપવામાં આવી હતી. અભિમુખતા કાર્યક્રમમાં વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ ઘણી મોટી સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે.

## અગત્યની સૂચના

સરદાર પટેલ યુનિવર્સિટીને યુ.જી.સી.-ઈન્ફોનેટ અન્વયે ઇ-જર્નલ્સ, ઈ-બુક્સ તેમજ બિબ્લિઓગ્રાફી ડાઉનલોડ કરવાની સુવિધા મળે છે. આ એક્સેસ આઈ.પી. (IP) બેઝ્ડ છે. ઈન્ફ્લિબનેટની શરતોમાં જણાવેલ છે કે યુ.જી.સી.-ઇન્ફોનેટ અન્વયે મળતાં ઈ-રીસોર્સને જો સિસ્ટેમેટિક ડાઉનલોડ કરવામાં આવશે તો પ્રકાશક દ્વારા એક્સેસ બંધ કરી દેવામાં આવશે.

સિસ્ટેમેટિક ડાઉનલોડનો અર્થ એ છે કે સામાયિક, પુસ્તકોના અંકો કે પ્રકરણોને અલગ અલગ કોમ્પ્યુટર પરથી અથવા એક જ કોમ્પ્યુટર પરથી અનુક્રમણિકા પ્રમાણે એક પછી એક અનુક્રમમાં ડાઉનલોડ કરવું. આ પ્રકારે ડાઉનલોડ કરવું પ્રતિબંધિત છે. કારણ કે તેનો વ્યાપારિક ધોરણે ઉપયોગ થઈ શકે છે. આમાં કોપીરાઈટ એક્ટ અને યુ.જી.સી.-ઈન્ફોનેટની શરતોનો પણ ભંગ થાય છે.

આથી તાકીદ કરવામાં આવે છે કે જો કોઈપણ અધ્યાપક કે વિદ્યાર્થીઓ/સંશોધનકર્તાઓ દ્વારા આ પ્રકારની પ્રવૃત્તિ થશે અને પ્રકાશક તરફથી ડાઉનલોડ કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવશે, તો તેની જવાબદારી જે તે વિભાગના વડાશ્રીની રહેશે. જો કોઈ શિક્ષાત્મક કાર્યવાહી જેવી કે કાયદાકીય/નાણાંકીય તથા વહીવટી કરવાની થાય તો તેની સઘળી જવાબદારી જે તે વિભાગની રહેશે.

# Flamingo Festival at Community Science Center, Porbandar

Porbandar, the city of birds, is also known as "Surkhabi Nagari", as large numbers of surkhab (flamingos) are found in various lakes of Porbandar. Flamingos are also mentioned in various literatures with name "Agni pankh", "Mrinal kanth", "Iam dheka" etc. Thousands of flamingos create an eye catching beautiful pink carpet in the lake behind the Swaminarayan Gurukul. Nature lovers from the different community science centers, colleges and nature clubs of Gujarat participated in **Flamingo Festival** organized by Shree Sahajanand Swami Jeella Lok Vignan Kendra, Chhaya, Porbandar on 28 July 2014, to celebrate the World Nature Conservation Day. Volunteers of C C Patel Community Science Center also participated in this remarkable one day festival. During the visit at lake behind Swaminarayan Gurukul, Mr. Dhaval Vargiya, Science Co-Ordinator, CSC, Porbandar, shared his knowledge about flamingos. Flamingos are mainly classified in six species. Among all six species, *Phoenicopterus roseus* (greater flamingo) and *Phoenicopterus minor* (lesser flamingo) are widespread in Gujarat. Many bird watchers say that availability of ample sweet and saline water, insects and fishes make it a favorable place for flamingos and other winged-visitors to come to this area. The greater flamingos are 125-145 cm tall, with 2100-4100 gm body weight and 140-165 cm wingspan. Their food includes crustaceans, molluscs, annelids insects and plant matters such as seeds and decomposed leaves. The lesser flamingos are 80-90 cm tall, with a body weight of 1500-2000 gm and wingspan of 95-100 cm. They feed on blue-green algae and diatoms from surface water. The greater flamingo has distinguishing pale pink bill with black tip where as the lesser flamingo has very dark red bill that looks black from the distance. The carotenoid synthesized from algae or other microorganisms which is consumed by flamingos confers pink coloration which is essential for reproduction stimulation process. Juveniles are greyish in color and take 1-2 years to gain full adult coloration. The participants were fascinated by watching these beautiful birds at a distance of just 10-20 feet away and also witnessed flamingo's mating process and head flagging dance. This field visit was followed by the seminars on different interesting topics related to nature, birds and animals. The participants gained very useful knowledge on bird identifications and they were also provided with a bird-identification guide book, *Birds of North Gujarat*. They also learned basic rules which one should follow during bird watching and various precautions that one should take into consideration during birds and animals rescue and rehabilitation processes.

**Deval Patel, Volunteer, CSC, Vallabh Vidyanagar**



As our Nation is celebrating its 68th Independence day, let all of us, the University Freternity, reaffirm our commitment to our University's Motto, Vision, Mission, and Goal. Let us colletively pledge that 'We will Strive for Excellence, for Excellence Matters'.

## Motto

WE STRIVE FOR EXCELLENCE, FOR EXCELLENCE MATTERS

## Vision

Sardar Patel University envisages blossoming of human potential through:

- Nurturing of talent, skill, and scientific temper.
- Creation of knowledge.
- Incubation of wisdom.
- Sustenance of blithesome spirit.

## Mission

Regeneration of rural Indian life with the application of the study and research in all the disciplines of knowledge in tune with the modern global developments.

## Goal

- To serve the rural population by providing them with access to higher education.
- To continually explore new frontiers in the areas of Science and Technology.
- To constantly set and reach new levels of achievement in research in areas within Humanities and Social Sciences.
- To continue to focus on thrust areas in all the disciplines through indigenous research and collaborative ventures at the international level.
- To become a financially vibrant and sound institution of international standard.

# સરદાર પટેલ યુનિવર્સિટી અને ઈન્ડો–બ્રિટીશ કલ્ચરલ એક્સચેન્જ વચ્ચે કરાર



ગુજરાત રાજ્ય અને ભારતની સામાજિક અને આર્થિક પ્રગતિના દિશામાં સરદાર વલ્લભભાઈ પટેલનાં ભૂમિકા અને પ્રદાન અંગેના અધ્યયન દ્વારા ભારત અને યુકે વચ્ચેની ભાગીદારીને ઉત્તેજન આપવા વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટી અને ઇન્ડો–બ્રિટિશ કલ્ચરલ એક્સચેન્જ તથા ઇન્ડિયા ઓવરસીઝ ટ્રસ્ટ વચ્ચે કરાર કરવામાં આવ્યા હતા.

સરદાર પટેલ યુનિવર્સિટીના સેનેટ હોલ ખાતે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢ તથા ઇન્ડો–બ્રિટિશ કલ્ચરલ એક્સચેન્જના પ્રફુલ્લ પટેલે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ત્યારબાદ ત્રણેય સંસ્થાના વડાઓએ પત્રકાર પરિષદ સંબોધતાં વિદ્યાજગત, વેપાર, માનવતા, સંસ્કૃત અને સમાજના ક્ષેત્રે સંસ્થાઓએ કરવાની સહિયારી કામગીરીની રૂપરેખા આપી હતી. તેઓએ જણાવ્યું હતું કે 'કરાર અંતર્ગત વેપાર, નાણાંકીય રોકાણો, ટેક્નોલોજીનું આદાનપ્રદાન જેવાં ક્ષેત્રોમાં અધ્યયન અને સંશોધનને ઉત્તેજન આપવા માટે યુકેની કોઈ યુનિવર્સિટીમાં સંયુક્ત વિદ્યાકીય ક્ષેત્ર સ્થાપવામાં મદદરૂપ થશે તથા યુકેમાં ઇન્ડિયન ડાયસ્પોરાનાં ભૂમિકા અને પ્રદાન અંગેના સંશોધનને વેગ અપાશે. આ પ્રસંગે મેરઠ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. રવીન્દ્રકુમાર, સામાજિક અગ્રણી જી. ડી. પટેલ તથા રમેશ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

## આજે જ લવાજમ ભરો...

| | | | |
|---|---|---|---|
| **વાર્ષિક** | | **આજીવન** | |
| **વિદ્યાર્થી** | : ₹ ૫૦.૦૦ | **અધ્યાપક/કર્મચારી** | : ₹ ૧૦૦૦.૦૦ |
| **અન્ય** | : ₹ ૭૫.૦૦ | **સંસ્થા તથા અન્ય** | : ₹ ૨૦૦૦.૦૦ |
| **સંસ્થા** | : ₹ ૨૦૦.૦૦ | | |

**પરદેશ માટે આજીવન લવાજમના દર**

**યુએસ $ ૨૦૦.૦૦ € ૧૫૦.૦૦ £ ૧૫૦.૦૦**

**સંપર્ક : પ્રકાશન વિભાગ, ભાઈકાકા ગ્રંથાલય**
**સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર – ૩૮૮ ૧૨૦**

## સમાચાર છે? આપો...

સરદાર પટેલ યુનિવર્સિટી સાથે સંકળાયેલી શૈક્ષણિક સંસ્થાઓ, એમાં કાર્યરત શૈક્ષણિક, બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓના સમાચાર શીલ શ્રુતમ્‌માં આવકાર્ય છે. શીલ શ્રુતમ્‌માં પ્રકાશન અર્થે મોકલવાની સામગ્રી અંક પ્રસિદ્ધિના પંદર દિવસ પૂર્વે મોકલવી.

સંપર્ક : પરમ પાઠક, અનુસ્નાતક ગુજરાતી વિભાગ, માનવવિદ્યાભવન,
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર – ૩૮૮ ૧૨૦

ઈ–મેલ : **sheelshrutam@gmail.com**
વેબસાઈટ : **www.spuvvn.edu/academics/publications/**

Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

Sheel Shrutam : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.